# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૨૬૮૮ તા.૧૧/૦૪/૨૦૨૨

**પરિપત્ર-૨૬૬૦**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે તેમની કોલેજ, માન્ય અનુસ્નાતક કેન્દ્ર અને ભવનોમાં નીચે મુજબના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ (રેગ્યુલર અને રીપીટર) વિદ્યાર્થીઓના ઇન્ટર્નલ માર્ક તથા પ્રાયોગિક પરીક્ષાના ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ માર્કની ઓનલાઈન એન્ટ્રી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ નીચે દર્શાવેલ સમયમર્યાદા સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

| અભ્યાસક્રમ | સેમેસ્ટર | શરુ થવાની તારીખ | અંતિમ તારીખ |
|---|---|---|---|
| એલએલ.બી, બી.સી.એ, બી.બી.એ., બી.આર.એસ., બી.એસ.ડબ્લ્યુ. બી.એડ.,એમ.એડ., એમ.એસ.ડબ્લ્યુ. | ૪-૬ | ૧૨/૦૪/૨૦૨૨ | ૩૦/૦૪/૨૦૨૨ |
| બી.એ., બી.કોમ., બી.એસસી. | ૬ | ૧૨/૦૪/૨૦૨૨ | ૦૫/૦૫/૨૦૨૨ |
| એમ.એસસી. | ૪ | ૧૨/૦૪/૨૦૨૨ | ૦૫/૦૫/૨૦૨૨ |
| એમ.એ., એમ.કોમ. | ૪ | ૧૨/૦૪/૨૦૨૨ | ૧૦/૦૫/૨૦૨૨ |
| બી.એ., બી.કોમ., બી.એસસી. | ૪ | ૧૨/૦૪/૨૦૨૨ | ૧૫/૦૫/૨૦૨૨ |

તમામ આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓએ ઓનલાઈન એન્ટ્રી કરેલ ઇન્ટર્નલ માર્ક તથા પ્રાયોગિક પરીક્ષાના ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ માર્કની પ્રિન્ટ આઉટ પોતાના સહી-સિક્કા સાથે અતિમ તારીખ પછીના દિન-૨ માં બંધ કવરમાં યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે

સંબંધિત કોલેજો દ્વારા ઓનલાઈન એન્ટ્રી કરેલ ઇન્ટર્નલ માર્ક તથા પ્રાયોગિક પરીક્ષાના ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ માર્કની પ્રિન્ટ આઉટ યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ તેમાં કોઈપણ ફેરફાર કરી શકાશે નહી. વધુમાં આ ગુણના અભાવે આપની કોલેજના વિદ્યાર્થીઓના પરિણામ અનામત રાખવામાં આવશે અને તેની સઘળી જવાબદારી આપશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

I/c પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.